ભૂલો કરવી એ માનવ સ્વભાવ છે અને ભૂલોને માફ કરવી એ દૈવી સ્વભાવ છે
- ફ્રાન્સ

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૪૨ | ૧૦ નવેમ્બર, ૨૦૧૨, શનિવાર; આસો વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

સ્ટેટેસ્ટીક સર્વેલન્સ ટીમ આડેધડ તપાસ ન જ કરી શકે : હાઈકોર્ટ

ભાજપ અને કોંગ્રેસ સહિતના વેપારીઓએ તહેવારોમાં રોકડની હેરફેર અટકાવવા સામે વાંધો ઉઠાવ્યો હતો : ગુજરાતમાં હાઈકોર્ટના આ ચુકાદાથી વેપારીઓને રાહત

અમદાવાદ,તા. ૯

આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને ગુજરાતમાં સ્ટેટેસ્ટીક સર્વેલન્સ ટીમ દ્વારા ચલાવવામાં આવી રહેલ રોકડગીરી ઉપર ગુજરાત હાઈકોર્ટે બ્રેક મારી દીધી છે. ગુજરાત હાઈકોર્ટે ચૂંટણી પંચની રોકડગીરી પ્રક્રિયાને ગેરકાયદેસર ગણાવી છે.

હાઈકોર્ટે ચુકાદો આપ્યા બાદ હવે સ્ટેટેસ્ટીક સર્વેલન્સ ટીમ ગુજરાતમાં રોકડગીરી કરી શકશે નહીં. જસ્ટીસ ભાસ્કર ભટ્ટાચાર્ય અને જસ્ટીસ જેબી પારડીવાલાની બનેલી ડિવિજન બેંચે ઠેરવ્યુ છે કે ચૂંટણી પંચના પગલા અલ્ટ્રાવાયર્સ દેખાઈ રહ્યા છે. આમા અંગતતાનો ભંગ થઈ રહ્યો છે સાથે સાથે મૂળભૂત અધિકારોનો પણ ભંગ થઈ રહ્યો છે. કોર્ટે કહ્યુ હતુ કે જ્યાં સુધી મતદારો પર પ્રભુત્વ મેળવવા માટે નાણાં મોકલવામાં આવી રહ્યા છે તે અંગેની ચોક્કસ માહિતી ન મળે ત્યા સુધી તપાસ અને રોકડ રકમ કબજે કરવાની બાબત યોગ્ય દેખાઈ રહી નથી. ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના સેટ ઉપર સુનાવણી ચલાવતી વેળા ગુજરાત હાઈકોર્ટે આ મુજબનો આદેશ આપ્યો હતો. ચૂંટણીપંચે હાલમાં આદેશ બાદ કરોડોની રોકડ રકમ, જ્વેલરી કબજે કરી હતી. ચૂંટણીપંચે ૧૮૨ ફ્લાઈંગ ટુકડી અને ૫૮૭ સ્ટેટીસ્ટીક સર્વેલન્સ ટીમો ગોઠવી હતી અને હજુ સુધી ૨૨.૫૬ કરોડની બિનહિસાબી રકમ કબજે કરી છે. જે પૈકી ૨૨.૨૦ કરોડની રકમ આઈટી વિભાગને સોંપવી દેવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે છેલ્લા ઘણા દિવસથી અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં સ્ટેટેસ્ટીક સર્વેલન્સ ટીમ દ્વારા હાથ ધરવામાં આવી રહેલી પ્રક્રિયા સામે વેપારીઓ અને સામાન્ય લોકો વાંધો ઉઠાવી રહ્યા હતા. વેપારીઓ અને અન્ય લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. વારંવાર અધિકારીઓ દ્વારા હેરાનગતિ કરવામાં આવી રહી હતી. દસ્તાવેજોની ચકાસણી પણ કરવામાં આવી રહી હતી.

તહેવારો દરમિયાન વેપારીઓ મોટાપાયે પૈસાની હેરફેર કરે છે જેથી તેમના માટે આ નિર્ણય મોટી રાહત લઈને આવ્યો છે. આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને પંચે આ પ્રક્રિયા હાથ ધરી હતી પરંતુ હાઈકોર્ટે આના પર બ્રેક મુકી દીધી છે. કોંગ્રેસ અને ભાજપ ઉપરાંત અન્ય રાજકીય પક્ષોએ પણ આની સામે વાંધો ઉઠાવ્યો હતો. મામલો કોર્ટમાં પહોંચ્યા બાદ આ અંગે વિગતવાર સુનાવણી હાથ ધરવામાં આવી હતી અને હવે ગુજરાત હાઈકોર્ટે વેપારીઓ અને કારાબારીઓને તહેવાર પહેલા મોટી રાહત આપી છે.

હાઈકોર્ટે શું કહ્યુ.....

આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને હાલમાં જ હાથ ધરવામાં આવેલી સ્ટેટેસ્ટીક સર્વેલન્સની કામગીરી પર બ્રેક મુકી દેવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટે આ પ્રક્રિયા પર બ્રેક મુકતા કેટલાક મહત્વપૂર્ણ તારણો આપ્યા હતા. જે નીચે મુજબ છે.

- ચૂંટણીપંચની રોકડગીરીની કામગીરી ગેરકાયદેસર છે
- આ કામગીરી નાગરિકોના મૂળભૂત અધિકારોનો ભંગ સમાન
- કામગીરી અંગત ગુપ્તતાનો પણ ભંગ કરી રહી હતી
- તપાસ કામગીરી અને રોકડ કબજે કરવાની પ્રક્રિયા ચોક્કસ કેસમાં જ હાથ ધરવી જોઈએ
- મતદારોને રાજી કરવા ચોક્કસ રકમ મોકલવામાં આવી રહી છે તે બાબતની જાણ થયા બાદ જ આ રકમ કબજે કરી લેવી જોઈએ
- ચૂંટણી પંચ દ્વારા હાલમાં ૫૮૭ એસએસટી અને ૧૮૨ ફ્લાઈંગ ટુકડીઓ ગોઠવવામાં આવી હતી અને ૨૨.૫૬ કરોડની બિનહિસાબી રકમ કબજે કરી હતી

દિપાવલી બસ આવી જ પહોંચી છે, જ્યાં જાઓ ત્યાં એ બાબતની સાબિતી મળી જાય છે. શહેરના મુખ્ય બજાર એવા સેક્ટર-૨૧માં પણ આ બાબતની સાબિતી મળી રહી છે. (તસવીર : દિપક જાની)

સ્વચ્છ અને સ્વસ્થ શહેર માટે તંત્રને સઘન કાર્યવાહી કરવા તાકીદ

મનપાની સ્ટેન્ડીંગ સમિતિમાં તંત્રને કડક કાર્યવાહી માટે તાકીદ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા અભિયાનને વધુ સઘન બનાવવા માટે આજે તંત્રને કડક તાકીદ સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં કરવામાં આવી છે.

સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલની અધ્યક્ષતામાં આજે મળેલ બેઠકમાં શહેરમાં સ્વચ્છતાની થઈ રહેલી કામગીરી અંગે સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. આ સમીક્ષા દરમ્યાન જે સામાન્યતઃ કચરાના નિકાલ માટેની કાર્યવાહી થવી જોઈએ તેમાં ઉણપ દેખાઈ હતી એટલુ જ નહિ સફાઈ માટે જેટલી સંખ્યામાં આઉટસોર્સીંગ અને પાર્ટટાઈમ તેમજ હંગામી કર્મચારીઓની હાજરી હોવી જોઈએ તેમાં વધુ પડતી ગેરહાજરી જણાઈ આવી હતી.

આ સફાઈની કામગીરીને લઈ જે તપાસ અને મોનીટરીંગ થવુ જોઈએ તેમાં તંત્રની ઉદાસીનતા સામે સ્ટેન્ડીંગ કમિટીના સભ્યોએ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી તેમજ આ બાબતે કડક વલણ અખત્યાર કરવા માટે આસિ. કમિશનરને તાકીદ કરવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આજની આ બેઠકમાં મહાનગરપાલિકાની લેન્ડ ફિલ્ડ સાઈટ ડેવલપમેન્ટ કરવાની કામગીરી પણ જે ધીમી ગતિએ ચાલી રહી છે તે માટે નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી અને આ માટે જરૂરી સંકલન અને પરામર્શ કરી કાર્યવાહીમાં ગતિ લાવવા માટે જરૂરી પગલાં કમિશનરશ્રીને લેવા માટે જણાવાયું છે.

સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલને પુછતાં તેમણે જણાવ્યું હતું કે ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટ અંગે

અનુસંધાન સાતમા પાને

કુલદિપ શર્માને ડી.જી. તરીકે બઢતી

ગાંધીનગર, તા. ૯

કેન્દ્ર સરકારે ગુજરાત કેડરના આઈ.પી.એસ. અધિકારી કુલદીપ શર્માને ડી.જી. તરીકે બઢતી આપી દીધી છે તો બીજી બાજુ ગુજરાત સરકાર શર્માને પ્રમોશન આપવાના હાઈકોર્ટના ચુકાદા સામે સુપ્રિમમાં ગઈ છે. ગુજરાતના આઈ.પી.એસ. અધિકારી કુલદીપ શર્માને કેન્દ્ર સરકાર ઈચ્છે તો ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસનું પ્રમોશન આપી શકે છે. દિલ્હી હાઈકોર્ટ ગુરૂવારે કેન્દ્ર સરકાર દ્વારા કુલદીપ શર્માને ડીજીપીનું પ્રમોશન આપવાની માગ કરતી અરજી સંદર્ભે ઉપરોક્ત ચુકાદો આવ્યો હતો. દિલ્હી હાઈકોર્ટે ગુરૂવારે ગુજરાત સરકાર કેમ કુલદીપ શર્માના પ્રમોશનનો વિરોધ કરી રહી છે. તેવો પ્રશ્ન ઉઠાવી કહ્યુ હતું કે કેન્દ્ર સરકાર ઈચ્છે તો કુલદીપ શર્માને ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસનું પ્રમોશન આપી શકે છે.

દિલ્હી હાઈકોર્ટે ગઈકાલે આપેલા ચુકાદાને પગલે આજે કેન્દ્ર સરકારે ગુજરાત કેડરના ૧૯૭૬ની બેચના આઈ.પી.એસ. અધિકારી કુલદિપ શર્માને આજે ડી.જી. તરીકે બઢતી આપીને તેમને કેન્દ્ર સરકારમાં જ દિલ્હી ખાતે બ્યુરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાં નિમણુંક આપવામાં આવતાં તેમણે તેમના હોદ્દાનો કાર્યભાર સંભાળી લીધો છે.

ગાંધીનગરમાં સંદીપ દિક્ષીત કોંગ્રેસની જનસભાને ૧૧મીએ સંબોધશે

ચ-૩ સર્કલ ખાતે કોંગ્રેસ દ્વારા જનસભાનું આયોજન

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં ૧૧મી સવારે કોંગ્રેસ પક્ષ દ્વારા એક જનસભાનું આયોજન ચ-૩ સર્કલ નજીક કરવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેર અને જિલ્લા કોંગ્રેસ સમિતિના સંયુક્ત ઉપક્રમે સવારે યોજાનાર આ જનસભાને શ્રી સંદીપ દિક્ષીત, શ્રી ભરતસિંહ સોલંકી, શ્રી નરહરિ અમીન અને શ્રી જગદીશ ઠાકોર સહિતના આગેવાનો સંબોધન કરશે.

ચ-૩ નજીક આ જનસભાના આયોજન અંગેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. કોંગ્રેસ સમિતિ દ્વારા વિધાનસભાની ચૂંટણી પહેલાં પ્રથમવાર આ શક્તિ પ્રદર્શન યોજાઈ રહ્યું છે. જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીના પ્રચાર કાર્યનો પણ આ જનસભાથી આરંભ થઈ રહ્યો હોવાથી તેનું રાજકીય મહત્વ પણ વિશેષ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર દ્વારા કોંગ્રેસની નેતાગીરી સામે બળવો પોકાર્યા બાદ પ્રથમવાર કોંગ્રેસ પક્ષ દ્વારા આ શક્તિ પ્રદર્શન ગાંધીનગર શહેરમાં યોજાઈ રહ્યું છે.

રવિવારે યોજાનાર આ જનસભાના આયોજનને લઈ પક્ષે અગ્રણી કાર્યકરોની વિવિધ સમિતિઓની રચના પણ કરી છે.

અનુસંધાન સાતમા પાને

ગ્રહોના રત્નો
ધનતેરસ
૧૧ નવેમ્બર, રવિવાર
૧૦૦% ફી
૧૦૦% સંતોષ ગેરંટી
શ્રીમતી ઉષાબેન વ્યાસ
મો. ૯૯૨૫૮ ૩૯૩૪૨
૧૦૨૨/૨, સેક્ટર-૧૩/ડી, ગાંધીનગર.

દિવાળી સ્પેશીયલ
જેસલમેર-જોધપુર
બીકાનેર-A.C Hotel Rs.5500/7500
રણથંભોર Tiger Jungle Safari
જયપુર-પુષ્કર 6500
GOA
By Bus-Palm Resort In Goa
શિવ ટ્રાવેલ્સ 079-27541210 93746 31852

છેલ્લા ૨ દિવસ દિવાળી સેલ બાદ ડીસ્કાઉન્ટ સાથે
ભારત ઉત્સવ
Last Day 11th November-2012
Time: 11:00 am. To 10:00 pm.
સેક્ટર-૧/ડી, પોલિસ સ્ટેશન સામે, અપના બજાર પાસે, ગાંધીનગર.
પાર્કીંગ મફત

FESTIVAL TIME MEANS GIFTING YOUR LOVED ONES
THE 100% EGGLESS BAKE SHOP
KABHI B bakery & patisserie
CHOCOLATE COOKIES GIFT PACKS & MANY MORE...

વધે નામના તમારી એવી શુભકામના અમારી
હાર્દિક અભિનંદન

પટેલ નટવરભાઈ શીવાભાઈ
પ્રભારી, વિધાનસભા દક્ષિણના મિડિયા સેલ
ચિલોડા મોટા, તા. જિ. ગાંધીનગર

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** અને ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલની મંજૂરીથી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મા. **ડો. સી. જે. ચાવડા** સાહેબે ગાંધીનગર કોંગ્રેસ સમિતિમાં વિધાનસભા દક્ષિણના મિડિયા સેલના પ્રભારી તરીકે **પટેલ નટવરભાઈ શીવાભાઈ**ની નિમણૂક કરતાં ખૂબ ખૂબ અભિનંદન અને શુભકામનાઓ સહ...

શુભેચ્છક

શ્રી ચાકુભાઈ મનસુરી, ચિલોડા
જગદીશભાઈ બી. પટેલ, ચિલોડા
જયંતિભાઈ જે. પટેલ, ચિલોડા
સવાજી બી. ઠાકોર, સરપંચશ્રી, ચિલોડા
પ્રવિણભાઈ આઈ. પટેલ (વકીલ), ચિલોડા
કિર્તિકુમાર આર. શાહ, ચિલોડા
અરવિંદસિંહ સોલંકી, પ્રાંતિયા
સુનીલકુમાર આર. રાવલ, ચિલોડા
ટીનાજી પી. ઠાકોર, ચિલોડા
ડો. પિયુષ આર. શાહ, ચિલોડા
ડો. જગદીશ એસ. પટેલ, ચિલોડા
કૌશિકભાઈ જોષી, એડીશી બેંક, ચિલોડા
દેસાઈ ગોવાભાઈ એલ., ચિલોડા
લાલભાઈ એસ. પટેલ,
ખોડીયાર જ્વેલર્સ, ચિલોડા
જયંતિભાઈ જી. પટેલ, ચિલોડા
સલીમભાઈ કે. મનસુરી, ચિલોડા
મહોબતસિંહ બી. રાઠોડ, દશેલા
રાજુભાઈ ગજ્જર, ડભોડા
ડો. કિશ્નુસિંહ રાઠોડ,
આચાર્ય-ઓરાણ હાઈસ્કૂલ
રતીલાલ જી. વાઘેલા
આચાર્ય-ચિલોડા હાઈસ્કૂલ
સંજયસિંહ બી. રાઠોડ,
ભગવતી મેડીકલ સ્ટોર, ચિલોડા

નૂતન વર્ષાભિનંદન...

વાઘેલા બળવંતસિંહ માનસુંગજી
ભડથ, તા. ડીસા, જિ. બનાસકાંઠા
ખેડૂત મિત્રો તેમજ વેપારીઓ અને જિલ્લાભરના તમામ ભાઈ-બહેનોને નવા વર્ષ અને દિવાળીની શુભકામનાઓ સહ
નૂતન વર્ષાભિનંદન પાઠવે છે.

ગાંધીનગરમાં પ્રથમ વખત ઘ-૫ ખાતે ભવ્ય ઉત્સવ
Deep Utsav
ગાલનગરી
હેન્ડલુમ-હેન્ડીક્રાફ્ટ પ્રદર્શન
2-11-12 થી 18-11-12
ભારતના વિવિધ પ્રાંતોના કુશળ કારીગરો દ્વારા બનાવેલી આકર્ષક હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન
TIME : 11 A.M. to 10 P.M.
હેન્ડીક્રાફ્ટ ● ટેક્સટાઈલ ● હેન્ડમેડ પ્રોડક્ટસ ● ટેરાકોટા ● જ્વેલરી
ઘ-૫ સર્કલ, ઓપન એર થિયેટર, સે.૧૬ ગાંધીનગર